# આસપાસ ચોપાસ

# ૧૬૦ વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થામાં SPC દ્વારા શિક્ષણ અને શિસ્તના પાઠ ભણાવાય છે

## શિક્ષણ અને સંસ્કારનું ધામ : પ્રાથમિક શાળા



રતનપુર-કાંટડી ગામમાં શિક્ષણની જ્યોત સદીઓથી પ્રજ્વલિત છે. ગામમાં આવેલી રતનપુર-કાંટડી પ્રાથમિક શાળા તેની સ્થાપનાના સમયથી જ જ્ઞાનનું કેન્દ્ર રહી છે. 18 ઓક્ટોબર, 1856માં શિક્ષણ સમિતિ સંચાલિત આ શાળાની શરૂઆત થઈ હતી જે દર્શાવે છે કે આ ગામમાં શિક્ષણનો પાયો ખૂબ જ મજબૂત અને પ્રાચીન છે. શાળાની આસપાસના લીલાછમ વૃક્ષો અને કુદરતી વાતાવરણ બાળકોને ભણવા માટે એક આદર્શ અને પ્રફુલ્લિત માહોલ પૂરો પાડે છે. હાલમાં આ શાળામાં ધોરણ 1 થી 8 સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેમાં ધોરણ 1 થી 5 માં 150 વિદ્યાર્થીઓ અને ધોરણ 6 થી 8 માં 180 વિદ્યાર્થીઓ મળી કુલ 330 બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

શાળાની સૌથી વિશેષ બાબત અહીં ચાલતો SPC પ્રોજેક્ટ છે. કાંકણપુર પોલીસ સ્ટેશનના સહયોગથી ધોરણ ૮ અને ૯ ના વિદ્યાર્થીઓ માટે આ તાલીમ યોજાય છે. પોલીસ સ્ટેશનના બે કર્મચારીઓ દ્વારા મેદાન પર પરેડ અને શિસ્તની તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત, સીપીયુ વર્ગમાં ઇન્ડોર સત્રો હેઠળ બાળકોને કાયદો અને વ્યવસ્થા, સાયબર ક્રાઈમ, અને સામાજિક સુરક્ષા જેવી ગંભીર બાબતો વિશે સમજ આપવામાં આવે છે. SPC એ વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બનાવવા માટેનો એક કાર્યક્રમ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં શિસ્ત, નેતૃત્વના ગુણો વિકસાવવા અને તેમનામાં પોલીસ પ્રત્યેનો ડર દૂર કરી કાયદાનું સન્માન કરવાની ભાવના જગાડવાનો છે. આ પ્રવૃત્તિથી રતનપુર-કાંટડીના વિદ્યાર્થીઓ માનસિક અને શારીરિક રીતે સજ્જ બની રહ્યા છે.

## શિક્ષણનું તેજપુંજ : સર્વોદય વિનયન મંદિર હાઇસ્કૂલ




રતનપુર-કાંટડી ગામમાં ઉચ્ચ શિક્ષણના પ્રસાર માટે 16 જૂન, 1969ના રોજ સર્વોદય કેળવણી મંડળ સંચાલિત સર્વોદય વિનયન મંદિર હાઇસ્કૂલની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા પાંચ દાયકાથી વધુ સમયથી આ સંસ્થા આસપાસના અંદાજે 7 જેટલા ગામોના ખેડૂત પુત્રો અને પુત્રીઓ માટે જ્ઞાનનું દ્વાર બની રહી છે. અહીં મુખ્યત્વે વિનયન પ્રવાહનું ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવે છે. અહી કૂલ 344 વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. શાળાનું શૈક્ષણિક પરિણામ તેની શ્રેષ્ઠતાની સાક્ષી પૂરે છે. આચાર્ય હર્ષવર્ધનસિંહ બી. પૂવારના કુશળ માર્ગદર્શન હેઠળ 10 જેટલા સમર્પિત શિક્ષકોના સ્ટાફ દ્વારા અહીં વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. જેના પરિણામે ધોરણ-10માં અંદાજે 80 થી 85 ટકા અને ધોરણ-12માં 90 ટકા જેટલું ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત થાય છે. ગ્રામીણ વિસ્તારમાં આટલું ઊંચું પરિણામ એ શાળાની શૈક્ષણિક નિષ્ઠા દર્શાવે છે. શિસ્તબદ્ધ વાતાવરણ અને સંસ્કારયુક્ત શિક્ષણને કારણે આ હાઇસ્કૂલ સમગ્ર પંથકમાં આદરભર્યું સ્થાન ધરાવે છે.

# ગ્રામજનો માટે આર્થિક કરોડરજ્જુ સમાન ધી રતનપુર-કાંટડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી



રતનપુર-કાંટડી ગામનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે અને આ વ્યવસાયને વેગ આપવાનું કામ ધી રતનપુર-કાંટડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી કરી રહી છે. 31 નવેમ્બર, 1977ના રોજ સ્થપાયેલી આ મંડળી આજે ગામના પશુપાલકો માટે જીવનનિર્વાહનું સૌથી મોટું માધ્યમ બની છે. પશુપાલકો મહેનત કરી દૂધ મંડળીમાં જમા કરાવે છે અને તેના થકી મેળવેલી આવકમાંથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ મંડળીની પ્રગતિનો અંદાજ તેના આંકડાઓ પરથી લગાવી શકાય છે. મંડળીમાં કુલ 1500 જેટલા સભાસદો નોંધાયેલા છે. જેમાંથી અંદાજે 400 જેટલા સભાસદો નિયમિતપણે દૂધ ભરે છે. દૂધની આવકની વાત કરીએ તો, દર 10 દિવસે અંદાજિત 16 થી 17 હજાર લિટર દૂધ એકત્રિત થાય આટલા ટૂંકા ગાળામાં મંડળી આશરે 8 લાખ રૂપિયા જેટલું માતબર આર્થિક ટર્નઓવર કરે છે. મંડળીના ચેરમેન વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ પરમાર અને સેક્રેટરી નરવતસિંહ લક્ષ્મણસિંહ પરમાર ના કુશળ નેતૃત્વ હેઠળ મંડળીનો વહીવટ પારદર્શક રીતે ચાલે છે. ૧૨ સભ્યોની મજબૂત કમિટી દ્વારા સમગ્ર મંડળીનું સંચાલન કરવામાં આવે છે. આ સહકારી માળખાને કારણે પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવ અને અન્ય સુવિધાઓ સમયસર મળી રહે છે. જેના કારણે રતનપુર-કાંટડી પશુપાલન ક્ષેત્રે પંથકમાં મોખરે છે.

## આર્થિક વ્યવહારોની ઉત્તમ સુવિધા સમાન રતનપુરમાં કાર્યરત ભારતીય સ્ટેટ બેંક




રતનપુર-કાંટડી સહિત આસપાસના અંદાજે ૨૦ જેટલા ગામો માટે રતનપુરમાં આવેલી ભારતીય સ્ટેટ બેંક (SBI) આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ બેંક સમગ્ર પંથકના આર્થિક વ્યવહારોનું મુખ્ય કેન્દ્ર છે. પશુપાલકો, ખેડૂતો, પેન્શન ધારકો, વિદ્યાર્થીઓ અને નાના વેપારીઓ માટે આ બેંકની સેવાઓ અત્યંત મદદરૂપ બની રહી છે. ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેતી વિષયક ધિરાણ અને પશુપાલકો માટે પશુ કિસાન ક્રેડિટ કાર્ડની યોજનાઓ અહીં ઉપલબ્ધ છે. પશુપાલકોના દૂધના નાણાં સીધા બેંક ખાતામાં જમા થતાં હોવાથી પારદર્શિતા જળવાય છે. આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકો માટે પેન્શન મેળવવાની સરળ સુવિધા અને વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિના ખાતાની વ્યવસ્થા અહીં છે. સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજનાનો લાભ પણ બેંક દ્વારા આપવામાં આવે છે. આધુનિક બેંકિંગ સાથે જોડાયેલું રતનપુર આ બેંકના માધ્યમથી સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે.

## લોક સુખાકારીનું કેન્દ્ર : રતનપુર-કાંટડીનું આયુષ્માન આરોગ્ય મંદિર



રતનપુર-કાંટડી ગામમાં ગ્રામજનોની શારીરિક સુખાકારી માટે આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત છે. અહીં કમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા લોકોને ગામના આંગણે જ પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવે છે. ખાસ કરીને ટીબી, મેલેરિયા, તાવ, શરદી અને ખાંસી જેવી બીમારીઓના નિદાન અને સારવારની કામગીરી નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે.

સરકારના આરોગ્ય અભિયાનોને છેવાડાના ઘર સુધી પહોંચાડવા માટે અહીંનું આરોગ્ય તંત્ર સતત કાર્યશીલ છે. કેન્દ્રના નર્સ અને હેલ્થ વર્કર્સ દ્વારા આજુબાજુના નંદ ઘર (આંગણવાડી) ની નિયમિત મુલાકાત લેવામાં આવે છે. જ્યાં ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત, સગર્ભા માતાઓ અને ધાત્રી બહેનોની સમયાંતરે તપાસ કરી તેમને જરૂરી પોષણ અને આરોગ્ય વિષયક માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આમ, રતનપુર-કાંટડીનું આ આરોગ્ય કેન્દ્ર ગામ માટે સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થયું છે.

# લોકશાહીનુંપાયાનુંએકમ:રતનપુરગ્રામ પંચાયત

રતનપુર (કાંટડી) ગામના સર્વાંગી વિકાસ અને સુવ્યવસ્થિત વહીવટ માટે ગ્રામ પંચાયત એક મજબૂત કડી સમાન છે. લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓની ટીમ દ્વારા ગામના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે. હાલમાં ગામના સરપંચ તરીકે દશરથભાઇ કશનાભાઇ નીરૂલા કાર્યભાર સંભાળી રહ્યા છે, જેમના નેતૃત્વમાં પંચાયતના સભ્યોની ટીમ ગ્રામ ઉત્થાન માટે કટિબદ્ધ છે. પંચાયતના વિવિધ વોર્ડના પ્રતિનિધિઓમાં અમજીભાઇ જેઠાભાઇ વણકર, મતી રેવાબેન ચંદુભાઇ પરમાર, પ્રવિણકુમાર પુંજાભાઇ પટેલ, મતી પદમાબેન દિપકકુમાર વાઘેલા, રતિલાલ મનસુખભાઇ ચૌહાણ, રતિલાલ મોહનભાઇ પરમાર, મતી હંસાબેન ભાવિનકુમાર પરમાર, મતી રૂક્ષ્મણીબેન વસંતકુમાર રાઉત, મતી ઉર્મિલાબેન દિલીપસિંહ પરમાર અને દિક્ષીતકુમાર કાંન્તિભાઇ પટેલનો સમાવેશ થાય છે. આ તમામ સભ્યો એકજૂથ થઈને ગામમાં રસ્તા, પાણી, લાઈટ અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓ લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. ગ્રામ પંચાયતની આ સક્રિયતાને કારણે જ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચી રહ્યો છે.



# યુવાનો અને વડીલોના સહયોગથી નિર્મિત ભવ્ય મંદિરો અને આખ્યાન દ્વારા ધર્મનો સંદેશ

## આસ્થાનું નવું સરનામું : રતનપુરમાં બિરાજમાન ‘લીલા નેજાધારી’ રામદેવ મહારાજ



રતનપુર-કાંટડી ગામમાં પ્રાચીન વારસાની સાથે નવીન આધ્યાત્મિક ચેતનાનો પણ સંગમ જોવા મળે છે. ગામના યુવાનો અને વડીલોના અતૂટ સહયોગ અને ભગવાન પ્રત્યેની અગાધ આસ્થાના પરિણામે ‘લીલા નેજાધારી મંડળ’ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૭, તારીખ ૨૮/૦૧/૨૦૨૧ ના રોજ બાબા રામદેવ પીરના ભવ્ય મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. આ મંદિર આજે ગામની ધાર્મિક એકતાનું પ્રતીક બની ગયું છે. દર માસની પવિત્ર બીજ અને વિવિધ વાર-તહેવારોએ અહીં વિશેષ પૂજા-અર્ચના અને ભજન-કીર્તનનું આયોજન થાય છે. જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. મંદિરની સૌથી વિશેષ બાબત એ છે કે, અહીંના ઉત્સાહી યુવાનો રામદેવ પીરના જીવન અને તેમના પરચાઓ પર આધારિત આખ્યાન રજૂ કરે છે. આ આખ્યાનો દ્વારા લોકોમાં માનવતા, સમાનતા અને ધર્મનો સાચો સંદેશ ફેલાવવામાં આવે છે. આ આધુનિક યુગમાં પણ ગામના યુવાનોએ જે રીતે ભક્તિ અને સંસ્કૃતિને જીવંત રાખી છે.

## આદ્યશક્તિ ગાયત્રી માતાનું પવિત્ર ધામ



રતનપુર-કાંટડી ગામમાં આસ્થા અને જ્ઞાનનું પ્રતીક એટલે ગાયત્રી માતાનું મંદિર. સનાતન સંસ્કૃતિમાં સદ્બુદ્ધિ અને તેજના દેવી ગાયત્રી માતાના આ મંદિરમાં ગ્રામજનો અતૂટ શ્રદ્ધા ધરાવે છે. અહીં બિરાજમાન ગાયત્રી માતાની સૌમ્ય મૂર્તિના દર્શન માત્રથી મનને અપાર શાંતિ મળે છે. મંદિરમાં દરરોજ સવાર-સાંજ વૈદિક મંત્રોચ્ચાર સાથે માતાજીની આરતી કરવામાં આવે છે જે સમગ્ર ગામના વાતાવરણમાં આધ્યાત્મિક ઉર્જા ભરે છે. ગાયત્રી જયંતિ જેવા પર્વો પર અહીં વિશેષ હવન અને યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ મંદિર ગ્રામીણ જીવનમાં સંસ્કારોના સિંચન અને સાત્વિક જીવનશૈલીનું કેન્દ્ર બની રહ્યું છે જ્યાં ભક્તો મન-વચનથી માતાજીની આરાધના કરી ધન્યતા અનુભવે છે.

## શૌર્ય અને લોક આસ્થાનું પ્રતીક: ક્ષત્રિય વીર ભાથીજી મહારાજ



રતનપુર-કાંટડીમાં વીર ભાથીજી મહારાજનું મંદિર શૌર્ય, ત્યાગ અને લોક રક્ષણની અમર ગાથાનું જીવંત સ્થાન છે. અંદાજે ૬૦ વર્ષથી વધુ પ્રાચીન ઇતિહાસ ધરાવતા આ સ્થાનકની નવીન અને ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૨૦૬૯, આસો વદ ૮, રવિવાર એટલે કે ૨૭ ઓક્ટોબર, ૨૦૧૩ ના રોજ શાસ્ત્રોક્ત વિધિ સાથે કરવામાં આવી હતી. ખાસ કરીને ક્ષત્રિય સમાજમાં ભાથીજી મહારાજ પ્રત્યે અનન્ય સન્માન અને પૂજ્ય ભાવ છે, તેઓ શક્તિ અને શૌર્યના પ્રેરણાસ્ત્રોત મનાય છે. મંદિરની સૌથી મોટી વિશેષતા દેવ દિવાળીનો પર્વ છે. આ દિવસે ગામમાં પરંપરાગત રીતે ભવ્ય મેળો એટલે કે જાયણી ભરાય છે. રાત્રિના સમયે ભાથીજી મહારાજનું ભવ્ય આખ્યાન યોજાય છે જેમાં કલાકારો દ્વારા તેમના જીવનના બલિદાન અને ગાયોની રક્ષા માટેના પરાક્રમોને કલાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. આ આખ્યાનો દ્વારા નવી પેઢીને ધર્મ અને સ્વાભિમાનની રક્ષાનો સંદેશ આપવામાં આવે છે. ખાસ કરીને ક્ષત્રિય સમાજ માટે વીર ભાથીજી મહારાજ માત્ર આરાધ્ય દેવ જ નહીં,પરંતુ શૌર્ય અને ગાયોની રક્ષા માટે સર્વસ્વ ત્યાગ કરનાર આદર્શ પુરુષ છે જેમના આશીર્વાદને સમાજ પોતાનું પરમ સૌભાગ્ય અને સ્વાભિમાનનું પ્રતીક માને છે. ભાથીજી દાદાના આશીર્વાદ લેવા માટે ગામના શ્રદ્ધાળુઓ અહીં ઉમટી પડે છે. જેનાથી ભક્તિ અને શૂરવીરતાનો એક અનોખો સમન્વય જોવા મળે છે.

## પ્રવેશદ્વાર પર બિરાજતા પૌરાણિક શંકર ભગવાન



રતનપુર-કાંટડી ગામમાં પ્રવેશતાની સાથે જ શ્રદ્ધા અને શાંતિનો અનુભવ કરાવતું ભગવાન શિવનું ભવ્ય મંદિર આવેલું છે. ભાથીજી મહારાજના મંદિરની બિલકુલ સમીપે અને ફળિયાની બરાબર સામે આવેલું આ મંદિર અંદાજે ૬૦ વર્ષથી પણ વધુ જૂનું અને પૌરાણિક છે. આ એક સ્થાપિત મંદિર છે, જેની પ્રાચીનતા અને શિવલિંગની દિવ્યતા ગ્રામજનો માટે આસ્થાનું કેન્દ્ર છે. ગામમાં પ્રવેશતા દરેક શ્રદ્ધાળુઓ અહીં મસ્તક નમાવીને જ આગળ વધે છે. શ્રાવણ માસ દરમિયાન અને શિવરાત્રી જેવા પર્વો પર અહીં વિશેષ પૂજા-અર્ચના અને અભિષેક કરવામાં આવે છે. આ પ્રાચીન શિવ ધામ ગામની રક્ષા અને મંગલકારી હોવાની અતૂટ માન્યતા ગ્રામજનોના હૃદયમાં વસેલી છે.

## વૈષ્ણવ સંપ્રદાયની અતૂટ આસ્થા: શ્રી ગોકુલનાથજી હવેલીનું નિર્માણ



રતનપુર-કાંટડી ગામમાં વૈષ્ણવ સંપ્રદાયની પરંપરા અને ઠાકોરજી પ્રત્યેના સમર્પણનો એક અનોખો ઇતિહાસ જોવા મળે છે. ગામમાં બિરાજમાન શ્રી ગોકુલનાથજીનું મંદિર એ ભક્તોના હૃદયની ભાવનાનું પરિણામ છે. ગામના પૂર્વજોના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ-ચાર પેઢીથી અહીં ‘ઘર મંદિર’નો અદભૂત પ્રયોગ ચાલતો હતો. જેમાં અંદાજે ૫૦ જેટલા વૈષ્ણવ પરિવારોમાં વારાફરતી ઠાકોરજીના સ્વરૂપની પધરામણી કરવામાં આવતી હતી. પ્રત્યેક ઘરે એક મહિનો ઠાકોરજી બિરાજતા અને ત્યાં સેવા થતી. ગામના તમામ વૈષ્ણવો ત્યાં દર્શનાર્થે આવતા. એક મહિનો પૂર્ણ થતાં પ્રભુને વાજતે-ગાજતે બીજા વૈષ્ણવના ઘરે પધરાવવામાં આવતા. સમય જતાં, સેવામાં કોઈ કમી ન રહી જાય તેવા શુભ હેતુથી ભક્તોએ નિર્ણય કર્યો કે, પ્રભુને ઘરે-ઘરે પધરાવવાને બદલે એક નિશ્ચિત નિવાસ (હવેલી) બનાવી ત્યાં બિરાજમાન કરવામાં આવે. ઠાકોરજીના કાયમી નિવાસ માટે ૧૯૯૯માં મંદિર બનાવવાની શુભ શરૂઆત કરવામાં આવી. ૨૦૦૧માં જ્યારે મંદિરનું કાર્ય પૂર્ણ થયું અને ઠાકોરજીનું નૂતન સ્વરૂપ લાવવાની તૈયારીઓ ચાલતી હતી, બરાબર તે જ સમયે ગુજરાતમાં ભૂકંપ આવ્યો હતો. આ કપરા સમયે જ શ્રદ્ધાના પ્રતીક સમાન આ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

## લોક આસ્થાનું કેન્દ્ર: આઈ શ્રી આવડ માતાજીનું મંદિર

રતનપુર-કાંટડી ગામમાં શક્તિની ઉપાસનાનું પવિત્ર સ્થાન એટલે આઈ શ્રી આવડ માતાજીનું મંદિર. ગ્રામજનોમાં માતાજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને અપાર આસ્થા રહેલી છે. ગામના પશુપાલકો અને ખેડૂતો માટે માતાજી આશીર્વાદરૂપ મનાય છે. ભક્તોની એવી દ્રઢ માન્યતા છે કે આઈ શ્રી આવડ માતાજી ગામની રક્ષા કરે છે અને સૌના દુખ દૂર કરે છે. કોઈપણ શુભ પ્રસંગે કે તહેવારે ગ્રામજનો માતાજીના દર્શને અચૂક આવે છે. ખાસ કરીને નવરાત્રીના પવિત્ર દિવસોમાં અહીં ભક્તિમય વાતાવરણ સર્જાય છે અને શ્રદ્ધાળુઓ માતાજીની વિશેષ પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવે છે. આ મંદિર ગામની આધ્યાત્મિક ધરોહર સમાન છે, જ્યાં દરરોજ ભાવિકો માતાજીના શરણે આવી શાંતિનો અનુભવ કરે છે.



(માહિતી સંકલન : આશિષ બારીઆ)